દાખલ તારીખઃ– ૦૪/૦૬/૨૦૨૬.
રજી.તારીખઃ– ૦૪/૦૬/૨૦૨૬.
ફેસલ તારીખઃ– ૦૮/૦૬/૨૦૨૬.
સમય ગાળોઃ– વર્ષ માસ દિવસ

**રાજકોટ જિલ્લાનાં મહે. ૭ માં એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં, મુકામઃ જેતપુર.**

ફોજ. પર. અરજી નં. ૨૨૮/૨૦૨૬.
આંકઃ–

(૧) કુણાલ ઉત્તમભાઈ ભાટિયા
ઉ.આ.વ. ૨૮, ધંધોઃ મજૂરી,
રહે. દેરડી આવાસ યોજના,
જેતપુર, જી. રાજકોટ.

(૨) સાગર ઉર્ફે બુધો હરસુખભાઈ સિંગલ
ઉ.આ.વ. ૩૦, ધંધોઃ મજૂરી,
રહે. બાપુની વાડી,
ખોડીયાર માતાજીના મંદિર પાસે,
જેતપુર, જિ. રાજકોટ.................................અરજદારો.
(બંને હાલઃ સબજેલ જેતપુર)

વિરૂદ્ધ

ધી સ્ટેટ ઓફ ગુજરાત
થ્રુ એ.જી.પી.શ્રી, જેતપુર.............................સામાવાળા.

બાબતઃ–**બી.એન.એસ.એસ. કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી**.

**અરજદારો તરફે વિ. વ. શ્રી ડી. એમ. વાઘેલા.**
**સામાવાળા શ્રી સરકાર તરફે વિ. એડી. પી. પી. શ્રી કે. એ. પંડ્યા.**

**ઠ રા વ**

(૧) અરજદારોએ હાલની અરજી બી.એન.એસ.એસ. કલમ–૪૮૩ મુજબ રજૂ કરી જેતપુર ઉદ્યોગનગર પો. સ્ટે. ગુ. ર. નં.

૧૧૨૧૩૦૯૬૨૬૦૩૪૬/૨૦૨૬ થી પ્રોહી. એકટની કલમ-૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબનાં ગુનાના કામે અરજીમાં જણાવેલ જુદા જુદા કારણોને લક્ષમાં રાખી રેગ્યુલર જામીન ઉપર મુક્ત કરવા વિનંતી કરેલ છે.

**(૨)** અરજદારોની અરજી તેમજ બંને પક્ષકારોનાં વિ. વ. શ્રીઓની મૌખિક દલીલો સાંભળવામાં આવી. તપાસ કરનાર અમલદારશ્રીએ રજૂ રાખેલ સોગંદનામું વંચાણે લીધું.

**(૩)** અરજદારોનાં વિ. વ. શ્રીએ રજૂઆત કરેલ છે કે, અરજદારો નિર્દોષ છે, અરજદારોને આ ગુનાના કામે તા. ૦૨/૦૬/૨૦૨૬ નાં રોજ અટક કરવામાં આવેલ ત્યારથી તેઓ જયુડીશિયલ કસ્ટડીમાં છે. અરજદારોએ ચાર્જ અન્વયેનો કોઈ ગુનો કરેલ નથી. અરજદારોને ગુનામાં સીધી કે આડકતરી રીતે સાંકળી શકાય તેવો કોઇ પ્રથમદર્શનિય કેસ નથી. અરજદારો મુદામાલ સબંધી કાંઇ જાણતા નથી. અરજદારો સામે નોંધાયેલ ગુનો તે વિ. જયુડી. મેજી. ફ. ક. શ્રી ટ્રાયેબલ છે. વધુમાં તેઓએ એવી રજૂઆત કરેલ છે કે, અરજદારો કુટુંબમાં એક માત્ર કમાનાર વ્યકિત છે, અરજદારો પર પોતાનાં પરિવારના સભ્યોના ભરણપોષણની જવાબદારી છે. અરજદારો ટ્રાયલ દરમિયાન નિયમીત હાજર રહેશે. નામદાર અદાલત ફરમાવે તેવી શરતોનુ પાલન કરવા ખુશી અને તૈયાર છે વિગેરે હકીકતો જણાવી અરજદારોને યોગ્ય શરતોને આધિન જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે.

**(૪)** આ અદાલત દ્વારાં સામાવાળાને નોટીસ કાઢવામાં આવતાં શ્રી સરકાર તરફે વિ. એડી. પી. પી. શ્રી કે. એ. પંડ્યા હાજર થયેલ છે તેઓએ જણાવેલ છે કે, અરજદારો વારંવાર આવા પ્રકારના ગુના કરવાની ટેવવાળા છે અને અગાઉ પણ આરોપી નં. ૧ વિરૂદ્ધ ૧૧ તેમજ આરોપી નં. ૨ વિરૂદ્ધ ૮ જેટલા ગુના નોંધાયેલ છે હાલમાં ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં આવા પ્રકારનાં આરોપીઓનાં કારણે રાજ્યનું યુવાધન નશાની લતે ચડી જાય છે અને જો આવા પ્રકારનાં આરોપીઓને જામીન ઉપર મુક્ત કરવામાં આવશે તો ફરીથી આવા પ્રકારનાં ગુના આચરશે અને કેસ ચાલતા ભવિષ્યમાં હાજર રહેશે નહીં જેથી ટ્રાયલ પણ લંબાવાની શક્યતાઓ હોઈ આરોપીઓને જામીન ઉપર મુકત ન કરવા રજૂઆત કરેલ છે.

(૫) અરજદાર/આરોપીઓની જામીન અરજી, દલીલો, પોલીસ પેપર્સ, રજૂ સોગંદનામું તેમજ પક્ષકારો દ્ધારાં કરવામાં આવેલ દલીલો ધ્યાને લીધી. વધુમાં જામીન અરજીનો નિર્ણય કરતી વખતે અદાલતે ફરિયાદપક્ષનાં પુરાવાની વિગતવાર ચર્ચા કરવાની રહેતી નથી, પરંતુ આરોપી સામે નોંધાયેલ ગુનાની સજાની જોગવાઈ, આરોપીની ટ્રાયલ દરમિયાન હાજરી, ફરિયાદપક્ષનાં સાહેદોને ધાક ધમકી અંગેની શક્યતાઓ તથા અરજદાર/ આરોપીએ ગુનાના કામે ભજવેલ ભાગ વિગેરે પરિબળો ધ્યાને લેવાનાં રહે છે.

હાલનાં કામનાં આરોપી નં. ૧, ૨ તથા ૩ નાઓએ પોતાનાં હવાલાવાળી મારૂતી સુઝુકી કંપનીની સ્વીફ્ટ કાર નં. જીજે ૦૧ એચએન ૧૧૯૦ કિંત રૂા. ૨,૦૦,૦૦૦/- વાળીમાં ગેરકાયદેસર પાસ પરમીટ કે આધાર વગર ભારતિય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો વેચાણ અર્થે લાવી, હેરાફેરી કરી, પોતાનાં કબજામાં રાખી જુદી જુદી ઈંગ્લીશ દારૂની ૧૮૦ એમ.એલ. નાં માપની બોટલ નંગ-૩૯૬, કિંમત રૂા. ૬૮,૪૭૮/- મળી કુલ કિંમત રૂા. ૨,૬૮,૪૭૮/- નાં મુદ્ધામાલ સાથે રેઈડ દરમિયાન નાસી જઈ તથા આરોપી નં. ૪ સ્વીફ્ટ ગાડીનાં ચાલક એમ ચારેય ઈસમોએ એકબીજાની મદદગારી કરી ગુનો કરેલાનાં આક્ષેપો છે.

વધુમાં હાલનાં કામે રજૂ થયેલ પેપર્સ ધ્યાને લેવામાં આવે તો હાલનાં આરોપી નં. ૧ વિરૂદ્ધ ૧૧ તેમજ આરોપી નં. ૨ વિરૂદ્ધ ૮ જેટલા ગુના નોંધાયેલ છે તેટલા કારણ માત્રથી આરોપીઓને તેનાં જામીનના અધિકારથી વંચિત રાખી શકાય નહીં. વધુમાં હાલનાં કામનાં આરોપીઓનો ગુનામાં રોલ, ગુનામાં ભજવેલ ભાગ, ગુનાની ગંભીરતા ધ્યાને લેતાં તેમજ કેસ ચાલવામાં સમય જાય તેમ છે તથા વિ. જ્યુડી.મેજી.ફ.ક. ટ્રાયેબલ ગુનો છે, આરોપીઓ જેતપુરનાં સ્થાનિક રહેવાસી છે, સ્થાવર જંગમ મિલકતો ધરાવે છે, નાસી ભાગી જાય તેવી કોઈ શક્યતા નથી તેમજ નામદાર સુપ્રિમકોર્ટનાં **(૧) ૨૦૧૨(૧) સુ.કો.કે. ૪૦, સંજય ચંદ્રા વિ. સી.બી.આઈ. તથા (૨) ૨૦૨૦(૧૧) સુ.કો.કે. ૬૪૮, પ્રભાકર તિવારી વિ. સ્ટેટ ઓફ યુ.પી.** નાં ચૂકાદાઓમાં કરેલ અવલોકનો ધ્યાને લેતાં આરોપી સામે બીજા અનેક ગુના નોંધાયેલ હોવાનાં કારણ માત્રથી આરોપીનાં જામીન રદ કરી શકાય નહીં તેવું ઠરાવેલ છે વિગેરે તમામ સંજોગોમાં બેલ એ નિયમ અને જેલ તે અપવાદના

સિદ્ધાંતોને લક્ષમાં લઈ અરજદારોને યોગ્ય રકમના શરતી જામીન પર મુકત કરવા વ્યાજબી જણાતું હોઈ ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>હુ ક મ</u>**

**(૧)** આ કામનાં અરજદાર/આરોપીઓની બી.એન.એસ.એસ. કલમ–૪૮૩ અન્વયેની રેગ્યુલર જામીન અરજી આથી શરતી **મંજૂર** કરવામાં આવે છે.

**(૨)** આ કામના અરજદારને તેમની વિરૂદ્ધ નોંધાયેલ જેતપુર ઉદ્યોગનગર પો. સ્ટે. ગુ. ર. નં. ૧૧૨૧૩૦૯૬૨૬૦૩૪૬/૨૦૨૬ થી પ્રોહી. એકટની કલમ–૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબનાં ગુના સબબ **પ્રત્યેક અરજદારે રૂા. ૨૦,૦૦૦/– (અંકે રૂપિયા વીસ હજાર પુરા)** ના જામીન તથા તેટલી જ રકમનાં જાત મુચરકા સબંધિત ટ્રાયલ અદાલત સમક્ષ ટ્રાયલકોર્ટને સંતોષકારક જણાય તે રીતે નીચેની શરતોને આધિન રેગ્યુલર જામીન ઉપર મુકત કરવામાં આવે છે.

**<u>શ ર તોઃ</u>–**

**એ.** અરજદારે ફરિયાદપક્ષનાં સાહેદોને ફોડવા નહીં કે ધાક ધમકી આપવી નહીં.

**બી.** અરજદારે સબંધિત અદાલતની પૂર્વ પરવાનગી સિવાય **ગુજરાત** રાજયની હદ છોડવી નહી.

**સી.** અરજદારે નામદાર સબંધિત અદાલતમાં જામીન આપતી વખતે પોતાનું કાયમી રહેણાંકનુ સરનામું દસ્તાવેજી પુરાવાથી જાહેર કરવું અને તેમાં નામદાર સબંધિત અદાલતની પૂર્વ પરવનાગી વગર ફેરફાર કરવો નહીં.

**ડી.** અરજદારે ફરીવાર આવા પ્રકારનું કોઈ ગુનાહિત કૃત્ય કરવું નહીં.

**ઈ.** અરજદાર જો પાસપોર્ટ ધરાવતા હોય તો સબંધિત અદાલતમાં જમા કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતાં ન હોય તો તે અંગેની હકીકત સોગંદનામાં ઉપરજાહેર કરવી.

**(૩)** અરજદારે જામીન સબંધિત ટ્રાયલ કોર્ટમાં આપવાનાં રહેશે.

**(૪)** ઉપરોકત હુકમની જાણ કરતી યાદી સંબંધિત નીચેની ટ્રાયલ કોર્ટ

તથા સંબંધિત પોલીસ સ્ટેશનને હુકમની અમલવારી માટે મોકલવી.

આ હુકમ આજરોજ **તા. ૦૮, માહે–જૂન, સને–૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**તારીખઃ ૦૮/૦૬/૨૦૨૬**
**મુકામઃ જેતપુર.**

**( રાજેશ સુરેશચંદ્ર પુરાણી )**
**૭ માં એડિશ્નલ સેશન્સ જજ,**
**જેતપુર, જિ. રાજકોટ**
(**Code No.GJ**00727)